મહત્તમ : ૩૨.૬ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૮૦ ટકા

ગાંધીનગર તાપમાન

ટ્રેનના ડબ્બા ઉપર ચઢીને ફોટોગ્રાફી કરવાનું વિદ્યાર્થીને ભારે પડયુ

ગાંધીનગરના છ યુવામિત્રો દાંડી કુટીર ફરીને કેપિટલ રેલવે સ્ટેશન ફોટોગ્રાફી કરવા પહોંચ્યા હતા : ટ્રેનના ડબ્બા પર ચડીને ફોટોગ્રાફી કરતા વીજવાયરને ચોંટી જવાથી વિદ્યાર્થી ઉછળીને ફેંકાઈ ગયો : વિદ્યાર્થીની હાલત ગંભીર

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની જ એક શાળામાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતો વિદ્યાર્થી અને તેના અન્ય પાંચ મિત્રો મળીને ૬ યુવા મિત્રો દાંડી કુટીર ફરવા ગયા હતા અને ત્યાંથી ફોટોગ્રાફી કરવા માટે કેપિટલ રેલ્વે સ્ટેશન પહોંચ્યા હતા. સમી સાંજે કેપિટલ રેલવે સ્ટેશન પહોંચેલા આ યુવા મિત્રો પૈકી બે યુવાનો ટ્રેનના ડબ્બા ઉપર ચડી ગયા હતા અને જોખમી ફોટોગ્રાફી કરી રહ્યા હતા તે જ દરમિયાન માથા પરથી પસાર થતી હાઈ વોલ્ટેજ વીજ લાઈનને હાથ અડકી જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો અને આ યુવાનોને રેલવે સ્ટેશન જઈ ટ્રેનના ડબ્બા ઉપર ચઢીને ફોટોગ્રાફી કરવાનું ભારે પડી ગયું હતું. હાઈ વોલ્ટેજ વીજલાઈનને હાથ અડકી જતા જબરદસ્ત કરંટ લાગવાથી વિદ્યાર્થી યુવાન ઉછળીને ફેંકાઈ ગયો હતો. તાત્કાલિક તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. હાલ પણ તે યુવાન અમદાવાદની હોસ્પિટલમાં ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. તો બીજી તરફ તેની સાથે ટ્રેનના ડબ્બા ઉપર ચડેલો બીજો મિત્ર ચમત્કારિક રીતે બચી ગયો હતો તેને સામાન્ય કરંટ લાગ્યો હતો. રેલવે પોલીસે આ ઘટના અંગે જાણવાજોગ દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ શનિવારે સાંજે શહેરના સેક્ટર-૧૬ ખાતે રહેતો અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતો ૧૭ વર્ષીય

વિદ્યાર્થી શ્રેયના ઘરે તેનો મિત્રો આર્ય અને રશ્મિકાંત આવ્યા હતા. ત્યારબાદ અન્ય ત્રણ મિત્રો અજય, વિશાલ અને યશ તેમને મળ્યા હતા. તમામ છ મિત્રો ભેગા મળીને તે સાંજે દાંડી કુટીર ફરવા ગયા હતા અને ત્યારબાદ તમામ મિત્રો મળીને કેપિટલ રેલવે સ્ટેશને રેલવે લાઇન ઉપર ફોટોગ્રાફી કરવા પહોંચી ગયા હતા. કેપિટલ રેલવે સ્ટેશનના સાઈડિંગ લાઈન ઉપર તમામ મિત્રોએ ફોટોગ્રાફી કર્યા બાદ બે યુવા મિત્રો અજય અને આર્ય એક ટ્રેનના ડબ્બા(કોચ) ઉપર ચડી ગયા હતા અને તે વખતે મિત્રોએ ત્યાં ચડવાની ના પાડી હોવા છતાં તેઓ ડબ્બા ઉપર ચઢી ગયા હતા અને ફોટોગ્રાફી શરૂ કરી દીધી હતી. નીચે ઊભેલા ચારેય મિત્રો પોતાની વાતોમાં મગ્ન હતા તે દરમિયાન અચાનક જ કોચ ઉપર ચડેલો અજય ધડાકા સાથે ફંગોળાયો નીચે પટકાયો હતો. ફોટોગ્રાફી વખતે ટ્રેનના ડબ્બા ઉપરથી પસાર થતી હેવી વીજ લાઈનને અજયના હાથ અડકી જતા જબરદસ્ત કરંટ લાગ્યો હતો અને તે ઊછળીને નીચે પટકાયો હતો. ગંભીર હાલતમાં તેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો પરંતુ તેની તબિયત અત્યંત નાજુક જણાતાં તાત્કાલિક તેને અમદાવાદની હોસ્પિટલમાં સારવાર અર્થે રીફર કરવામાં આવ્યો હતો. એક અઠવાડિયાથી આ વિદ્યાર્થી ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. સમગ્ર ઘટના અંગે રેલવે પોલીસના જમાદાર નારણભાઈએ જાણવાજોગ દાખલ કરીને ઘટનાની બારીકાઈથી તપાસ શરૂ કરી છે. નોંધનીય બાબત છે કે એકાદ વર્ષ અગાઉ કેપિટલ રેલ્વે સ્ટેશનની આ જ જગ્યાએ સેલ્ફી પાડવા જતા કરંટ લાગવાથી એક યુવાને જીવ ખોયો હતો. પ્રતિબંધિત વિસ્તાર હોવા છતાં ફોટોગ્રાફીનો ક્રેઝ યુવાનોને આ જગ્યાએ ખેંચી જાય છે ક્યારેક જીવલેણ સાબિત થઈ જાય છે.

વાતવાતમાં

● શહેરમાં ઘરફોડ ચોરી અટકવાનું નામ લેતી નથી. સે-૨૭માં ધોળા દિવસે બપોરના સુમારે ઘરફોડોએ એક મકાનનું તાળુ તોડયું હતું જો કે સદભાગ્યે આ મકાનનું ઈન્ટરલોક ના તુટતાં ચોરોની કારી ફાવી નહોતી.

● ગાંધીનગરમાં અષાઢી બીજના પવિત્ર દિવસે યોજાનાર ૩૪મી પરંપરાગત રથયાત્રાના સ્વાગત માટે શહેરના સેકટરોમાં વિવિધ સંસ્થાના અગ્રણીઓ દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. સ્વયંસેવકોને વિવિધ જવાબદારી સોંપવાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે.

● શહેરમાં દબાણ તંત્રએ સપાટો બોલાવ્યા પછી બીડી-સિગારેટ કે ગુટખા-તમાકુ મસાલાના બંધાણીઓ પરેશાન થઈ ઉઠયા છે. આ બંધાણીઓને હવે નજીકમાં પ્રાપ્ય હતી તે સામગ્રી ખરીદવા હવે દૂર સુધી જવું પડી રહ્યું છે.

ડિસ્ટ્રીકટ ૩૨૩૨બીમાં લાયન્સ ગાંધીનગરને ૨૧ એવોર્ડ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની લાયન્સ કલબે તેની સેવાકીય પ્રવૃત્તિઓ માટે લાયન્સ ડિસ્ટ્રીકટ ૩૨૩૨બીમાં યોજાયેલા એવોર્ડ સમારંભમાં ૨૧ એવોર્ડ સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ એવોર્ડ સમારંભમાં લાયન્સ કલબ ગાંધીનગરને તેના મોતીયાના ઓપરેશનની પ્રવૃત્તિ 'સાઈટ ફર્સ્ટ'માં કુલ ૨૬ કેમ્પો થકી ૭૨૧ દર્દીઓના નિઃશુલ્ક ઓપરેશન બદલ શ્રેષ્ઠ સેવાકીય પ્રવૃત્તિ તરીકે બિરદાવવામાં આવી છે.

લાયન્સ ડિસ્ટ્રીકટ ૩૨૩૨બીમાં કુલ ૧૨૬ લાયન્સ કલબો કાર્યરત છે. જેમાં ગાંધીનગર લાયન્સ કલબને સૌથી વધુ ૨૧ એવોર્ડ પ્રાપ્ત થયા છે. ગાંધીનગર લાયન્સની સાઈટ ફર્સ્ટ ઉપરાંત વર્ષ ૨૦૧૭-૧૮ માટે પ્રમુખ નયન મધુરકરને એકસેલન્ટ પ્રમુખ તરીકે, સેક્રેટરી શૈલેષ પટેલને બેસ્ટ સેક્રેટરી, લાયોનેસ પ્રમુખ મીનાક્ષી જયસીઘાનીને બેસ્ટ લાયોનેસ પ્રેસિડેન્ટ, ટ્રેઝરર રીટા શાહને બેસ્ટ લાયોનેસ ટ્રેઝરર, લીઓ સેક્રેટરી વિનય જયસીંઘાનીને બેસ્ટ લીઓ સેક્રેટરીના એવોર્ડથી સન્માનવામાં આવ્યા છે. આ સાથે ડિસ્ટ્રીકટ ૩૨૩૨બીમાં લાયન્સ ગાંધીનગરને બેસ્ટ લાયન્સ કલબ તરીકે પણ સન્માનવામાં આવી છે.

આજથી સતાધાર ગ્રુપ દ્વારા સ્વજનગૃહનું સંચાલન

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ સિવિલ કેમ્પસ મેડીકલ કોલેજની બાજુમાં આવેલ સ્વ. મુકતાગૌરી ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર સંચાલિત શ્રી જલારામ સદાવ્રત - સ્વજનગૃહનું સંચાલન વિભાબેન ઠક્કર દ્વારા કરવામાં આવતુ હતું. સ્વજનગૃહ ખાતે દર્દીઓના સગાને વિના મુલ્યે ભોજનની વ્યવસ્થા પુરી પાડવામાં આવતી હતી.

વર્ષોથી સ્વજનગૃહનું સંચાલન સ્વ. મુકતાગૌરી ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતું હતું. જેમાં રોજના કેટલાય દર્દીના સગાઓ તેમજ અનાથ વ્યકિતને ભોજન આપવામાં આવતું હતું. પરંતુ હવે સ્વજન ગૃહનું સંચાલન સતાધાર ગ્રુપના સભ્યો દ્વારા કરવામાં આવશે.

સતાધાર ગ્રુપના સેવાભાવી સભ્યો દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી શ્વાન માટે રોટલા બનાવવાની કામગીરી ચાલી રહી છે. જેમાં ગાંધીનગર જિલ્લાના ગામોમા શ્વાનને રોટલા પહોંચાડવાનું કામ કરવામાં આવે છે ત્યારે આ સતાધાર ગ્રુપ દ્વારા સ્વજનગૃહમાં દર્દીના સગા તેમજ અનાથ, ગરીબ, અશકત વડીલ હોય તેવા વ્યકિતઓને વિનામુલ્યે ભોજન આપી તૃપ્ત કરવામાં આવશે. સ્વજનગૃહ ખાતે તા. ૧૨ જુલાઈના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સેવાભાવી નાગરીકો આ સદાવ્રતના કાર્યક્રમમાં હાજર રહેશે અને સભ્યોને પ્રેરણા પુરી પાડશે.

શુક્રવારે સે-૨માં નિઃશુલ્ક આંખની તપાસનો કેમ્પ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮માં સેકટર-૨માં સરકારી પ્રાથમિક શાળા ખાતે નગરસેવક પાયલબેન મેણાત દ્વારા તા.૧૩મી જુલાઈ શુકવારે વિના મૂલ્યે આંખની તપાસના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ડૉ. તેજલ દલાલ દ્વારા કેમ્પના લાભાર્થીને આંખની ચકાસણીની સેવા પુરી પાડવામાં આવશે. આ આંખની તપાસનો કેમ્પ બપોરે ૧૨ થી૨ વાગ્યા દરમિયાન યોજાશે જેનો વોર્ડ નં. ૮ તથા આસપાસના વિસ્તારની તમામ જાહેર જનતાએ લાભ લેવા નગરસેવક પાયલબેન મેણાત દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર સાહિત્યસભા અને સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે જાણીતા કવિ શ્રી વિનોદ જોશીના પ્રબંધકાવ્ય 'સૈરન્ધ્રી'નો કવિ મુખે પઠનનો કાર્યક્રમ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે તા.૧૦ જુલાઈના રોજ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાવકો તેમજ શહેરના જાણીતા સાહિત્ય મર્મજ્ઞો સર્વશ્રી ડૉ. કેશુભાઈ દેસાઈ, ડંકેશ-ભારતી ઓઝા, પ્રવિણ ગઢવી, મહેશ જોશી, ભરત કવિ, બિંદુ ભટ્ટ, દલપત પઢિયાર, ભાનુભાઈ પુરાણી, ધ્વનિલ પારેખ, પ્રિ. ડૉ. ઉર્મિલા ચૌધરી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન શ્રી નટવર હેડાઉએ, વકતાનો પરિચય શ્રી હરિકૃષ્ણ પાઠકે આપ્યો હતો. પ્રતિભાવ કવિ શ્રી હર્ષદ ત્રિવેદી અને શ્રી ભાગ્યેશ જહાએ વ્યકત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ. લીના સ્વાદિયાએ કર્યું હતું.

સે-૩ ન્યુમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવા વસાહતીઓની માંગ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના પ્રારંભે આવેલા સેકટર-૩ ન્યુ માં વરવાટ કરતા રહીશો માટે તંત્ર દ્વારા જરૂરી પ્રાથમિક સુવિધાઓ ઉભી નહીં કરવામાં આવતા ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સેકટરની રચનાને ઘણા વર્ષો થવા છતા હજુ સુધી સુવિધાઓ પુરી પાડવામાં તંત્ર પણ ઉણુ ઉતર્યું હોય તેમ વ્યવસ્થા ઉભી કરી શકતુ નથી. ત્યારે તાજેતરમાં ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના બેનર હેઠળ તાજેતરમાં બેઠક યોજાઈ હતી. જેમાં સેકટરના વિવિધ પડતર પ્રશ્નો ની ચર્ચા કરવામાં આવી હતી. હાલમાં ચોમાસાની મૌસમ ચાલી રહી છે. ત્યારે સેકટરમાં એકત્ર થતા વરસાદી પાણીના નિકાલ અંગે તંત્ર દ્વારા કોઈ જ વ્યવસ્થા ઉભી કરવામાં આવી નથી. જેને પગલે સેકટરમાં ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો થાય છે. વરસાદ વધુ આવતા સમયે સેકટરના આંતરીક તેમજ મુખ્યમાર્ગો વરસાદી પાણીમાં ગરકાવ થઈ જાય છે.વરસાદી પાણીનો યોગ્ય રીતે નિકાલ થઈ શકે તે પ્રકારેની કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. જો આગામી દિવસોમાં વરસાદી પાણીના નિકાલ અંગે તંત્ર દ્વારા યોગ્ય આયોજન નહીં કરવામાં આવે તો સ્થાનિક વસાહત મંડળ સેકટરના પડતર પ્રશ્નો અંગે ઉગ્ર લડત ચલાવશે.

રથયાત્રામાં દર્શનનો લ્હાવો લેવા અનુરોધ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ તરફથી જણાવવામાં આવે છે કે ૧૯૮૮થી રથયાત્રાની ગાંધીનગરમાં શરૂઆત થયેલ છે. દરેક સેકટરોમાં સેવાભાવી સંસ્થાઓ, અગ્રણીઓ, રાજકીય મહાનુભાવો દ્વારા આરતી-પુજા-અર્ચના કરવામાં આવે છે તો ધર્મપ્રેમી નગરજનોને લાભ લેવા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા જણાવાયું છે

નવા સેકટરો સે-૩-ન્યુ, સે-૩, સે-૪, સે-૫, સે-૧૩માં રથયાત્રાના રૂટનો લાભ આપવા સેકટર-૩-ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજાની આગેવાની હેઠળ માંગણી કરવામાં આવી હતી. પરંતુ આ માંગણી રથયાત્રાના આયોજકોને અનુકુળ ના હોઈ ગ્રાહ્ય રાખેલ નથી જેથી પ્રજાની લાગણી દુભાઈ છે કેમ કે આ સેકટરોના વસાહતીઓ પરંપરાગત નિકળતી રથયાત્રાના દર્શનના લાભથી વંચિત રહે છે. આથી શહેરના દરેક વસાહતીઓને દર્શનનો લાભ મળી રહે તેવું આયોજન કરવા આયોજકોને નમ્ર અપીલ અને વિનંતી કરવામાં આવી છે.

ઝુંડાલ કેનાલમાં અમદાવાદના પ્રેમી યુગલનો આપઘાત

નવા વાડજના યુવાન અને ચાંદખેડાની યુવતીનો વહેલી સવારે ઝુંડાલ કેનાલમાંથી મૃતદેહ મળ્યો : યુવતીના હાથે દુપટ્ટો બાંધેલો હતો

ગાંધીનગર, તા.૧૧

અડાલજ નજીક આવેલી ઝુંડાલ નર્મદા કેનાલમાંથી આજે સવારના અરસામાં એક યુવક અને એક યુવતીનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. યુવતીના હાથે દુપટ્ટો બાંધેલો હતો. પોલીસે બંને મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા અમદાવાદના યુવક યુવતી હોવાનું બહાર આવ્યું છે. આ પ્રેમી યુગલ ગઈકાલે પોતપોતાના ઘરેથી ઈન્ટરવ્યૂ માટે જવાનું કહીને નીકળ્યા હતા. દરમિયાન કોઈ કારણોસર કેનાલ પાસે જઈને કેનાલમાં છલાંગ લગાવી આપઘાત કરી લીધો હતો. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

અડાલજ પોલીસ મથકના જમાદાર નરેન્દ્રભાઈને ઝુંડાલ કેનાલમાં તરી રહેલા પ્રેમી યુગલના મૃતદેહ અંગે જાણ થતા તેઓ ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બંને મૃતદેહ બહાર કઢાવી તપાસ શરૂ કરી હતી. મૃતક યુવાન અમદાવાદના નવા વાડજ વિસ્તારમાં કુબેર જમાદારની ચાલી વિસ્તારમાં રહેતો ૨૨ વર્ષીય મિથુન મનોજભાઈ પાંચુમાંડલ હોવાનું બહાર આવ્યું છે. અમદાવાદની કોલેજમાં એફવાય બીકોમમાં અભ્યાસ કરતો હોવાનું અને તેના પિતા છુટક મજુરી કરતા હોવાનું ધ્યાને આવ્યું છે. તો બીજી તરફ જે યુવતીનો મૃતદેહ મળ્યો તેના પિતા પણ છુટક મજુરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હોવાનું ધ્યાને આવ્યું છે. અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષીય યુવતી નેહા રમેશભાઈ નીમ્બેચનો મૃતદેહ હોવાનું તપાસમાં ખુલ્યું છે. બંને ડેડ-બૉડી બહાર નીકળી ત્યારે જોયું તો યુવતીના હાથે દુપટ્ટો બાંધ્યો હતો તે જોતાં યુવકનો હાથ દુપટ્ટામાંથી છૂટી ગયો હોવાની શક્યતા છે. અડાલજ પોલીસે બંને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

લીબડીયા કેનાલમાંથી બાપુનગરના પરણિત યુવાનનો મૃતદેહ મળ્યો

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં ખોડીયારનગર ખાતે ચંદ્રભાગા સોસાયટીમાં રહેતો ૨૯ વર્ષીય યુવાન જગદીશ જશવંતભાઈ ઝાલા ગઈકાલે સાંજે આઠેક વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી બાઈક લઈને નીકળી ગયો હતો. ડભોડા નજીક લીંબડીયા કેનાલ પાસે તેણે બાઈક ઊભું રાખ્યું અને તેના પિતાને ફોન કરીને કહ્યું કે હું આપઘાત કરી લઉં છું. પિતાને ફોન કરીને આપઘાત અંગે જાણ કરી ફોન મૂકી દીધો હતો અને ત્યારબાદ જગદીશ ઝાલાએ કેનાલમાં પડતું મુક્યું હતું. તેના પિતા સહિત પરિવારના સભ્યો ગઈકાલે રાત્રે જ લીમડા કેનાલ આવી પહોંચ્યા હતા અને રાતભર તેની શોધખોળ કેનાલમાં કરાવડાવી હતી પરંતુ તેના સગડ મળ્યા ન હતા. દરમિયાન આજે સવારે બહિયલના તરવૈયાઓએ લીંબડીયા કેનાલમાં શોધખોળ હાથ ધરી હતી અને શોધખોળ દરમિયાન તેનો મૃતદેહ મળી આવ્યો હતો. જગદીશ ઝાલા ગેસના બાટલા સપ્લાય કરવાનું કામ કરતો હતો અને તેના લગ્ન પણ થયેલા હતા. યુવાને કયા કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ સુધી બહાર આવી શકી નથી પરંતુ પ્રાથમિક તપાસમાં આર્થિક સંકડામણ કારણભૂત હોવાની વિગતો બહાર આવી રહી છે. ડભોડા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ વિપુલભાઈએ મૃતદેહ કેનાલમાંથી બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરુ કરી છે.

અડાલજ કેનાલમાંથી યુવાનનો બિનવારસી મૃતદેહ મળ્યો

ગાંધીનગર નજીક આવેલા અડાલજ ગામમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે બપોરના સુમારે આશરે ૩૫ વર્ષીય યુવાનનો બિનવારસી મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. કેનાલમાં તરી રહેલા મૃતદેહ અંગે અડાલજ પોલીસને જાણ થતા જમાદાર ધવલસિંહ તથા તેમની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ બહાર કઢાવી તેની ઓળખ માટે તજવીજ શરૂ કરી હતી પરંતુ તેની પાસેથી તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા ન હતા. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી મૃતકની ઓળખ માટે કવાયત શરૂ કરી છે.

ગાંધીનગર ખાતે જિલ્લા જળ અને સ્વચ્છતા યુનિટ (વાસ્મો) દ્વારા વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા યુનિટ (વાસ્મો) ગાંધીનગર દ્વારા સહયોગ સંકુલ ખાતે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨થી વધુ ગામોના સરપંચો તથા તલાટી કમ મંત્રીઓ, પાણી સમિતિના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ વર્કશોપમાં પ્રિ. કન્ટ્રકશન તાલીમ એકાઉન્ટ તાલીમ, ટેકનીકલ, સોશિયલ અને પાણી ગુણવત્તા ચકાસણી તાલીમ આપવામાં આવી હતી. ઉપરાંત ગાંધીનગર તાલુકામાં આવેલ લીંબડીયા ગામના સરપંચ હર્ષદભાઈ પટેલ દ્વારા વાસ્મો દ્વારા પીવાના પાણી અંગેની કામગીરી તથા વિકાસ મોડલ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

આ વર્કશોપમાં વાસ્મોના કર્મચારીગણ, ડી કોઓર્ડિનેટર, વીણાબેન રાવલ, આસિસ્ટન્ટ મેનેજર હિતેષભાઈ, પુજારાભાઈ, નિકુંજભાઈ, મેનાજબેન વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

કે.બી. ફાર્મસી કોલેજ ખાતે ફાર્મ.ડી. બેકલોરેટ કોર્ષની મંજૂરી

બી.ફાર્મ કરેલ વિદ્યાર્થી સીધા ચોથા વર્ષમાં પ્રવેશ મેળવી વિદેશમાં કારકિર્દી ઘડતરની તક પ્રાપ્ત કરી શકશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની કે.બી. ફાર્મસી કોલેજ ખાતે ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ડૉકટર ઓફ ફાર્મસી બેકલોરેટ કોર્ષની મંજૂરી આપવામાં આવી છે. હવે વિદ્યાર્થીઓ બી.ફાર્મ પછી ફાર્મ ડી. કોર્ષના ચોથા વર્ષમાં સીધો પ્રવેશ મેળવી ડૉકટર ઓફ ફાર્મસી કરી વિદેશમાં ફાર્માસિસ્ટ તરીકેની કારકિર્દી ઘડવાની તક પ્રાપ્ત કરી શકે છે.

ચાલુ વર્ષે ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન કે.બી. ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ ખાતે બેચલર ઓફ ફાર્મસી કર્યા પછી ડૉકટર ઓફ ફાર્મસી - ફાર્મ.ડીના કોર્ષના ચોથા વર્ષમાં સીધા પ્રવેશની જોગવાઈ ધરાવતા ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા માન્યતા પ્રાપ્ત ફાર્મ.ડી. પોસ્ટ બેકલોરેટ કોર્ષ શરુ કરવામાં આવ્યો છે. આ કોર્ષના કારણે ગાંધીનગરના વિદ્યાર્થીઓને પણ યુએસએમાં રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટ તરીકે કારકિર્દી ઘડવાની તક મળશે. આ કોર્ષમાં બી.ફાર્મ કરેલ વિદ્યાર્થીઓ બે વર્ષ અભ્યાસ અને એક વર્ષ ઈન્ટર્નશીપ કરી દુનિયાભરના દેશો માટેની લાયકાત મેળવી શકે છે. આ કોર્ષની માન્યતા મળેથી ગુજરાતના ફાર્મસીના વિદ્યાર્થીઓ માટે ભવિષ્યની ઉજળી તકો સર્જાઈ છે.

ચિલોડા પ્રાથમિક શાળામાં ઓરી-રૂબેલા રસીકરણ અંગે વાલી મીટીંગ યોજાઈ

ગાંધીનગર તાલુકાની ચિલોડા પગાર કેન્દ્ર શાળામાં ઓરી-રૂબેલા રસીકરણ જાગૃતિ અંતર્ગત વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યા હર્ષદભાઈ પટેલ તથા સિનીયર શિક્ષક ચીનુભાઈ પરમાર દ્વારા શાળામાં અભ્યાસ કરતા વાલીઓ અને એસ.એમ.સી.ના સભ્યોને મિસેલ અને રૂબેલા રસીકરણ અંગે વિવિધ પ્રશ્નોના ઉત્તર આપી માર્ગદર્શન પુરું પાડયું હતું. આ મીટીંગમાં ખાસ રસીકરણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને લાભ લીધો હતો.

ચિરવિદાય

- સ્વ. હસમુખભાઈ ગોકળદાસ પટેલ, ઉ.વ. ૮૨
- સ્વ. પરમાર રતિલાલ કચરાભાઈ, ઉ.વ. ૬૦
- સ્વ. દયાબેન વિનુભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૬૫
- સ્વ. પીત્તરદિન કેદારનાથ યાદવ, ઉ.વ. ૫૮
- સ્વ. દેસાઈ કુવરબેન સાકાભાઈ, ઉ.વ. ૭૭
- સ્વ. શુકલ કુમુદબેન વિનાયકરાવ, ઉ.વ. ૮૫
- સ્વ. રબારી મફતભાઈ બબાભાઈ, ઉ.વ. ૮૫
- સ્વ. પટેલ ચંપાબેન દેવશીભાઈ, ઉ.વ. ૭૩